R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction
અયૂબ ૪૦ : ૧૯

નવક્રાન્તિ

અમદાવાદથી
દર શનિવારે
પ્રસિદ્ધ થતુ
સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા
વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી, અમદાવાદ-૭

YEAR-21 • ISSUE: 38. DATE: 22-09-2012• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

કુડનકુલમ ન્યુક્લિયર પાવર પ્લાન્ટનો વિરોધ વધુ તીવ્ર બન્યો

તામિલનાડુના તિરૂનેલવેલી જીલ્લામાં કુડનકુલમમાં અણુ પાવર પ્લાન્ટનો વિરોધમાં વિશાળ લોક સમુદાય ઉમટી પડ્યો હતો. તુતીકોરીન જિલ્લાના એક ગામમાં વિરોધી પર પોલીસે ગોળીબાર કરતાં એક વ્યક્તિનું મોત નિપજ્યું હતુ. કેન્દ્રના ગૃહપ્રધાને વિદેશી એનજીઓ પર પ્રદર્શનકારીઓને ભડકાવવાનો આરોપ મુકવામાં આવ્યો હતો.આ પાવર પ્લાન્ટના વિરોધમાં આઠ ગામના લોકોએ વિરોધ પ્રદર્શનનું આયોજન ક્યું હતું.પોલીસ ચોકી પર કરેલા ધેરાવને કારણે પોલીસે કરેલા ગોળીબારમાં એક પ્રદર્શનકારીનું મોત નિપજ્યું હતું.ભારતીય પરમાણુ ઉર્જા નિગમ અને રશિયન ટેકનોલોજીની મદદથી અહી ૧૦૦૦ મેગા .રિયેકટરનું નિર્માણ થયેલ છે.

ભારતનો વિકાસ પરમાણુ ઉર્જા વિના શક્ય નથી.જો પુરતી વીજળી જ ન હોય,તો તેની અસરો વિકાસ પર પડી શકે છે.દુનિયાના વિકસિત દેશોએ પણ પરમાણુ ઉર્જાની મદદથી વિકાસ સાધ્યો છે.પરમાણુ ઉર્જા માટે વિરોધ કરી રહેલા લોકોની એ વાત સાથે સંમત થઈ શકાય કે ઉર્જા મથકની સુરક્ષા એકદમ ચુસ્ત હોવી જોઈએ.પરંતુ સમગ્ર પ્લાન્ટને બંધ કરી દેવો કે તેને સમેટી લેવો એ બાબત વ્યાજબી નથી.આ પ્રોજેકટ ૨૪ વર્ષની લાંબી અવધિ બાદ આકાર પામ્યો છે.આખા પ્રોજેકટનો અંદાજીત ખર્ચ ૧૩,૬૧૫ કરોડનો છે.અગીયાર વર્ષની મહેનત બાદ આખો પ્લાન્ટ બન્યો છે. રશિયાની મદદથી તામિલનાડુના તિરુનેલવેલી જિલ્લાના કુંડનકુલમ ખાતેના આ પ્લાન્ટમાં એક એક હજાર મેગાવોટ વીજળી ઉત્પન કરે તેવા બે યુનીટ શરુ થશે.એક હજારનું એક યુનીટ તૈયાર છે.આ પ્લાન્ટથી સૌથી વધારે ફાયદો તામીલનાડુને થવાનો છે.પ્રોજેક્ટ એ કક્ષાએ પહોચી ગયો છે કે ત્યાંથી પાછા ફરવું શક્ય જ નથી.

વિરોધીઓની ચળવળ પછી જે શંકાઓ બહાર આવી છે તેમાં એવું માનવાને કારણ છે કે ભારતની શક્તિ વધે અને ભારત સુપરપાવર દેશ બને તેવું કેટલાક દેશો ઈચ્છતા નથી.કેટલાક વિરોધીઓ જેઓ આ પ્લાન્ટનો વિરોધ કરે છે તેવી એનજીઓને વિદેશમાંથી આર્થિક સહાય મળે છે.જેથી વિરોધીઓનો ઈરાદો માત્ર સુરક્ષાનો નથી પણ બીજો કોઈ હોવાનો શક પેદા કરે છે.જે બુનિયાદ પર વિરોધ થઈ રહ્યો છે તે માટે દુનિયાના નિષ્ણાતોએ એ જાહેર કર્યું કે આ પ્રોજેક્ટ દુનિયાના તમામ પરમાણુ મથક કરતાં વધુ આધુનિક અને સંપુર્ણપણે સુરક્ષિત છે.ભારતના ભુતપુર્વ રાષ્ટ્રપતિ ડૉ અબ્દુલ કલામે પણ આ અણુમથકમા અભ્યાસ બાદ કહ્યું હતું કે ડરવાની કોઈ જ જરુર નથી.આ વીજમથક ચાલુ થાય તે દેશના હિતમાં છે.જ્યારે આખો પ્રોજેક્ટ સંપુર્ણ થઈ ગયો છે ત્યારે તેને રોકવો તે બાબતે ગેરવ્યાજબી કે નિરર્થક લાગે છે.વિરોધીઓની જીદ એવી છે કે તેઓ સંપુર્ણ પાવર સ્ટેશનનો વિરોધ કરી રહ્યા છે.આ વ્યાજબી તો નથી.

ભારતમાં ગુજરાત,મહારાષ્ટ્ર સહિત ચાર રાજ્યોમાં પરમાણુ ઉર્જા આધારિત વીજમથકો બનવાના છે.દેશને વીજળીની માંગ માત્ર અણુ પાવર મથકો જ પુરી પાડી શકે એમ છે.વિકાસ માટે કેટલાક જોખમો હોઈ શકે,પરંતુ તેના નિરાકરણ પણ શક્ય છે.માત્ર વિરોધ કરી લોકોને ભડકાવીને વિકાસમાં રોડા નાંખવા એ દેશ માટે કમભાગી ઘટના છે.

ન્યાયી ચુંટણી કરવા અંગે મીઝો ચર્ચ ગ્રુપે રાજકીય પક્ષો સાથે એમઓયુ કર્યા

મીઝોરામ પીપલ ફોરમ (એમપીએફ)જેને મીઝોરામના ચર્ચનું પીઠબળ છે તેઓએ આવતા વર્ષે રાજયમાં થનાર વિધાનસભાની ચુંટણીઓ ન્યાયી અને વ્યવસ્થિત બની શકે માટે એક સમજુતી કરાર રાજકીય પક્ષો સાથે કર્યો છે.એમઓયુ જુલાઈ,૩૧ ના રોજ ઘડવામાં આવ્યો હતો, અને તેને મંજુરી ઓગષ્ટ ૨૩ના રોજ આપવામાં આવી હતી.ધ ઈન્ડીયન નેશનલ કોગ્રેસ (આઈએનસી), મીઝો નેશનલ ફ્રંટ(એમએનએફ) ,ઝોરામ નેશનલીસ્ટ પાર્ટી(ઝેડએનપી),મીઝો પીપલ્સ કોન્ફરન્સ (એમપીસી) અને ભારતીય જનતા પાર્ટીએ આ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા.

ચુંટણી પધ્ધતિ માટે કરવામાં આવેલા એમઓયુમાં ૨૭ મુદ્દાઓ પર દરેક પક્ષનું ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે .જેમાં ચુંટણીલક્ષી બાબતોમાં કઈ બાબતો અંગે દરેક પક્ષે ધ્યાન રાખવાનું છે.જેમાં દરેક પક્ષને ચુંટણી ઢંઢેરામાં કોઈ પણ જાતના ખોટા વચનો આપવા પર બંધી છે.માત્ર ભારતનો નાગરિક જ આ ચુંટણીમાં મત આપવાનો અધીકારી છે.

મિઝોરામ પીપલ ફોરમ ચુંટણી દરમિયાન દરેક બાબતો પર ધ્યાન રાખશે.જો કોઈ ઉમેદવાર મત ખરીદતાં,મતદારને ચુંટણી બુથ સુધી લઈ જવા લાવવાની વ્યવસ્થા કરતાં,કે વાહનોની સુવિધા પુરી પાડતાં,ચુંટણી પ્રચાર સમાપ્ત થઈ ગયા બાદ ડોર ટુ ડોર પ્રચાર કરતાં,કોઈપણ જાતની ભેટ કે પ્રલોભન આપતાં,કે તેની તરફેણમાં મત આપવા માટે લલચાવતા હશે તો તેને પડકારવામાં આવશે.આ પ્રકારની કોઈપણ બાબત એમઓયુના ભંગ સમાન છે.કોઈપણ સંસ્થા ને વ્યક્તિગત રીતે કોઈપણ જાતના આર્થિક લાભો કે નાણાં ઉમેદવાર તરફથી આપવાની ચેષ્ઠા એમઓયુનો ભંગ સમાન છે. ચુંટણીના દસ દિવસ પહેલા કોઈપણ પ્રકારની વિરોધ રેલી યોજી શકાશે નહી.ચુંટણી પ્રચારમાં બેનરો, ફલેગ, પોસ્ટર મર્યાદિત રીતે વાપરવાના રહેશે.વિલેજ કાઉન્સીલ જેના સાત સભ્યો છે તેઓને ૩ બેનર,૩૦ ફલેગ, અને ૨૦ પોસ્ટર જ આપવાના રહેશે. ઉમેદવારના મદદગારો કેપ, ટીશર્ટ, બેડેજ, સ્ટીકરર્સ,તેમજ પાર્ટીના સીમ્બોલ પર રોક છે.મહત્વની બાબત એ છે કે દરેક ઉમેદવારે દેશના બંધારણ અને તેના નિયમોનો અમલ કરવાનો રહેશે.

એમપીએફે દરેક રાજકીય પક્ષોને અપીલ કરી છે કે એવા ઉમેદવારની વરણી કરે જેઓ પુખ્ત,વિશ્વાસું,અને ભારતના બંધારણ અને કાયદાને વફાદાર હોય.મીઝોરામ પીપલ ફોરમ ૨૦૦૬ થી અસ્તિત્વમાં આવી છે.અને તે મીઝોરામ પ્રેસબ્રીટેરીયન ચર્ચની પીઠબળ હેઠળ કાર્યરત છે.આ એક એવી સંસ્થા છે કે જે ચર્ચ અને એનજીઓ સાથે શિસ્તબધ્ધ રીતે સંકળાયેલ છે.

સમાચાર સંપાદન
શ્રી સંજય પોલ ચૌહાણ

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

નવ ક્રાંતિ

યુપીએ સરકારે જાહેર કરેલા ભાવ વધારા સામે ચારે કોરથી વિરોધ વ્યક્ત થઈ રહ્યો છે. ડીઝલ અને ગેસમાં રેશનીગં બે મુદ્દા દેશના સામાન્ય અને મધ્યમ વર્ગના લોકોને સ્પર્શતા પ્રશ્નો છે. લોકોની આવક મર્યાદિત છે.મોધવારી પર કોઈ રોક ટોક નથી.ભાવો બેફામ વધતા જ રહ્યા છે.જીવન જરુરીયાતની ચીજવસ્તુઓના ભાવો આસમાને પહોચ્યા છે.ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે.સરકારની પાસે કોઈ સરળ ઉપાય દેખાતો નથી.હા,જો સરકારને કરવું હોય તો કરવેરામાં ઘટાડો કરીને ઓઈલ કંપનીઓની ખાધમાં ઘટાડો કરી શકે છે.ડીઝલના લીટરે પાંચ રુપીયા વધવાને કારણે તમામ ચીજવસ્તુઓના ભાવોમાં વધારો તો ડીઝલના ભાવો વધે તેની જાહેરાતની સાથે જ થઈ ગયો.

તમામ વિરોધ પક્ષોએ ભાવ વધારાનો વિરોધ કરી પબ્લીસીટી સ્ટંટ કર્યો.પરંતુ તેમની પાસે આ ભાવ વધારો રોકવાનો કોઈ વિકલ્પ છે ખરો ?જો હોય તો તેમણે સરકારને જાહેરમાં આ વિકલ્પ સુચવી દેશના નાગરિકોની મદદ કરવી જોઈએ.માત્ર મત મેળવવાના માટે જ સરકારની કોઈપણ બાબતનો વિરોધ કરી પબ્લીસીટી સ્ટંટ ઉભા કરવા ના જોઈએ.

જેટલા કૌભાંડો જાહેર થયા છે તેમાં માત્ર કોઈ એક પક્ષ જ જવાબદાર હાલમાં દેખાતો નથી.મલાઈ ખાવામાં બધાજ પક્ષોના સગા સબંધીઓ છે. પરંતુ કોઈને વધારે મલાઈ મળી તો કોકને ઓછી મળી તો કોઈને મળી નથી.સુપ્રીમ કોર્ટે આ અંગેની વિગતો સરકાર પાસેથી માંગી છે.કદાચ કોર્ટ આ બધામાંથી કંઈક સત્યને ખોળી કાઢી,તથ્ય બહાર લાવે તો દેશના હિતમાં એક તંદુરસ્ત ઘટના ઉભી થશે.અને જાહેર સેવકોને સજા ફટકારીને યોગ્ય દાખલો બેસાડાય તો દેશનું ભલુ થઈ શકે.દેશમાં સેવા કરતાં મેવા ખાનારા સેવકોની સંખ્યા ઝાઝી થઈ ગઈ છે.

મંતવ્ય

ક્યા સુપર કુલ હે હમ, ફિલ્મના કેટલાંક ચોક્કસ દ્રશ્યો સામે વાંધો ઉઠાવીને ખ્રિસ્તી સંગઠનોએ ફિલ્મ નિર્માતી એકતા કપુર સામે આઈપીસી ૨૯ મુજબ કેસ નોધાવેલ છે.તે બદલ ખ્રિસ્તી સંગઠનો અભિનંદનને પાત્ર છે.આ રીતે જ્યારે જરુરીયાત પડે ત્યારે યોગ્ય કાર્યવાહી કરવા આગળ આવવું જોઈએ.

જયાનંદ એ. ગોહિલ, નડીયાદ.

ભાવ વધારાથી ગરીબો અને મધ્યમવર્ગની કમર તુટી પડી છે.આવકમાં તેટલી વૃધ્ધિ થતી નથી.આવક જાવકના પલ્લા સરભર બને તો સામાન્ય માણસને તે પરવડે નહીતર તેનું જીવન આકરુ બની જાય છે.લોકશાહીમાં જો સામાન્ય લોકોની પરવા કરનાર સરકાર ના હોય, તો તેવા જન પ્રતિનિધિઓની શી જરુરીયાત છે.જેઓ લોકોની પરવા ન કરી શકે.જેમને વહીવટ કરતાં ના આવડતો હોય તેમની દેશને જરુર નથી.ગરીબો મટી જાય એ લોકશાહી શા કામની.

મનોજ કે પરમાર

આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન,
શાંતિનગર સોસા.પરીખ ભુવન પાછળ,આણંદ.૧
મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી સુનીલકુમાર એમ.
ઈમાનુએલ સોસા.ભાલેજ રોડ,
આણંદ.૧ મો.૯૭૧૨૭૪૫૧૯૫
૦૨૬૯૮૨-૨૫૯૨૩૪
૩.શ્રી ગીદીયોલ પોલ,
કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.	નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.
શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન, **જીવન સાહિત્ય ભંડાર,** શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮ **ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,** શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨	શ્રી ભાઈલાલભાઈ ટેલર, પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨ શ્રી વિલિયમભાઈ ટી.પરમાર, નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨ શ્રી.એસ.કે અમીન, આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨

જેકોબાઇટ સીરીયન ચર્ચ વિધવા અને ડાયવોર્સીઓ ને નન્સ તરીકે સેવા આપવા તાલીમ આપશે

સીરીયન ઓર્થડોક્સ ચર્ચ,ડીનોમનેશનમાં હાલમાં ૨૫૦ નન્સ અને ૧૦ કોન્વેન્ટસ કેરાલામાં કાર્યરત છે.ફાધર વર્ગીસ કાલ્લાપ્પરા, સ્પોકપર્સન, જેકોબાઈટ ચર્ચે જણાવ્યું હતું કે વિધવાઓ,ડાઈવોર્સીઓ,સ્પીન્ટર્સ, અને અપંગને નન્સ તરીકે તાલીમ આપીને સેવામાં ઉમેરાશે.જો વિધવા અને ડાઈવોર્સીઓને સંતાનો હશે તો તેમને અલગથી ચિલ્ડ્રન હોમ જે ચર્ચો દ્વારા ચલાવાય છે તેમાં સામેલ કરવામાં આવશે તેવું તેમણે ટાઈમ્સ ઓફ ઈન્ડીયાને આપેલ મુલાકાતમાં જણાવ્યું હતું.પ્રવક્તાએ એ પણ જણાવ્યું હતું કે જે મહિલાઓ ૩૦ થી ૪૦ વર્ષની આયુ ધરાવે છે,અને આર્થિક સંકટના કારણે અપરિણિત છે તેઓને પણ તેઓ આવકારશે.આ નિતિને અમલમાં મુકવા પાછળનો ધ્યેય ચર્ચોમાં નન્સની અછત ઉભી થઈ હોવાનું મનાય છે.હાલની ચર્ચની કામગીરી અને નવી મિનીસ્ટ્રીમાં નન્સની અછત વર્તાઈ રહી છે.ગત સપ્તાહમાં કેરાલા સ્થિત જેકોબાઈટ સીરીયન ક્રિશ્ચિયન એસોસીએશને ચુંટણી યોજી હતી.જે ચર્ચનું વહીવટી માળખું સંભાળવા માટે કરવામાં આવી હતી.આ ચુંટણી પુથેનકુઝ, અર્નાકુલમ ખાતે કરવામા આવી હતી.વિધવા અને ડાયવોર્સીઓને નન્સ તરીકે સમાવવા માટે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો જેમાં ૩૦ ટકા મહિલાઓને વહીવટી માળખામાં સ્થાન આપવા માટે પણ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.જેથી આ વર્ષથી મહિલાઓને મેનેજીંગ કમિટીમાં અને ચર્ચની વર્કિંગ કમિટીમાં નોમીનેટ કરી શકાશે.ફાધર કાલપ્પરાએ જણાવ્યું હતું કે મહિલાઓને આરક્ષણ આપવાની માંગણી,જે પ્રકારે સંસદમાં ૩૩ ટકાની છે તે પ્રકારની હતી. જેકોબાઈટ ચર્ચ સિનોડ સેક્રેટરી મેટ્રોપોલીટન જોસેફ માર ગ્રેગોરીસે જણાવ્યું હતું કે આ પ્રકારની માંગણી તો ઘણા વખતથી હતી પરંતુ અનેક કારણોસર તે અમલમાં આવી શકી નહોતી.

ચર્ચના બાયલો પ્રમાણે ચર્ચમાં મહિલાઓને વહિવટમાં ભાગીદારી આપવી તેવી કાયદામાં જોગવાઈ હતી નહી.પરંતુ તેમાં ફેરફાર કરવામાં આવ્યા છે.પુવનથારા મથાઈ કોર એપીસકોપા ઓફ થ્રીસુર ડાયોસીસ ચર્ચના નવા ટ્રસ્ટી પ્રીસ્ટ તરીકે ચુંટાઈ આવ્યા હતા.૨૬૭ સભ્યો મેનેજીંગ કમિટીમાં પણ ચુંટાયા હતા.

ભારતમાં આવેલા શ્રીલંકન ખ્રિસ્તી યાત્રાળુઓ પર તામીલનાડુમાં હુમલો

PRAISE THE LORD
L.C.D

તામીલનાડુમાં ત્રીચી એરપોર્ટ પર શ્રીલંકાથી આવેલા ૧૮૦ ખ્રિસ્તી યાત્રાળુઓ પર તામીલ વિરોધીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.તેઓ પ્રસિધ્ધ વેલાંકીની ખ્રિસ્તી યાત્રાધામની મુલાકાતે આવ્યા હતા.આ પહેલાં તેઓએ પોંડી માતાના દર્શને ગયા હતા.દર વર્ષે આ રીતે શ્રધ્ધાળુઓ મુલાકાતે આવતા હોય છે.મળેલા સમાચારો મુજબ એમડીએમકે અને નામ થામીજાર આઈયાક્મ દ્વારા આ શ્રધ્ધાળુઓની બસો પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો.જેમાં મોટા ભાગના યાત્રાળુઓમાં મહિલાઓ અને બાળકો હતા.પાછળથી યાત્રાળુઓને પોલીસ પ્રોટેકશન હેઠળ ત્રીચુ એરપોર્ટ પહોચાડાયા હતા.તેમના માટે ખાસ વિમાનની કોલંબો સુધી પહોચવા માટે વ્યવસ્થા કરવામાં આવી હતી.બસોને નુકશાન પહોચ્યુ હતું પરંતુ સદ્‌ભાગ્યે કોઈપણ યાત્રાળુને ઈજા પહોચી નહોતી,તેવું પોલીસ સુત્રોએ જણાવ્યું હતું. ત્રીચી સીટી પોલીસ કમિશ્નર શૈલેષકુમાર યાદવે જણાવ્યું હતું કે તેમના દ્વારા તપાસ ચાલુ છે પરંતુ હજુ સુધી હુમલાખોરોની ભાળ મળી નથી.હુમલાખોરો સામે સેકસન ૧૪૭ અને ૧૪૮ ,અને સેકસન ૩ ,પીપીડી એક્ટ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.ઘટના બાદ શ્રીલંકન સરકારે તેમના નાગરિકો જેવો દક્ષિણ ભારતના પ્રવાસ કરી રહ્યા છે તેમના માટે એક નોંધ પ્રસિધ્ધ કરી હતી.જો કે શ્રીલંકન પ્રવાસીઓ માટે ભારતના બીજા રાજ્યોમાં સલામતી છે તેવું એક્સર્ટનલ એફેર્સ મીનીસ્ટ્રીએ જણાવ્યું હતું. તામીલનાડુમાં દર્શાવાયેલ રાજકીય રોષનું કારણ શ્રીલંકાના લશ્કર દ્વારા હ્યુમન રાઈટ્સના ભંગ સામે હતો.ત્રણ વર્ષના સંઘર્ષ બાદ,શ્રીલંકામાં તામીલોના પુનઃવસન અને ન્યાય માટે રાજ્ય સરકાર તરફથી શ્રીલંકાની સરકાર પર સતત દબાણ કરવામાં આવી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સુશાસનના ૪૦૦૦ દિવસ

ગુજરાતની વિકાસયાત્રા વણથંભી

આરોગ્ય સશક્તિકરણ

★મુખ્યમંત્રી અમૃતમ્ “ મા “ યોજના : ગરીબ પરિવારોને અસાધ્ય રોગો સામે સુરક્ષા માટે રૂા.૨ લાખના આરોગ્ય સુરક્ષા કવચ સાથેની મહત્વાકાંક્ષી યોજના

★માતા મૃત્યુદર ઘટાડવા ખાસ અમલમાં મુકાયેલી ચિરંજીવી યોજના અંતગર્ત ૮ લાખ મહિલાઓને સંસ્થાકીય પ્રસુતિથી સલામત માતૃત્વ મળ્યું

★ ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા અંતરીયાળ વિસ્તારની ૧૦ લાખ જેટલી મહિલાઓને પ્રસુતિ માટે સલામત પરિવહન, ૩૦ હજારથી વધુ મહિલાઓને ઈમરજન્સી વાનમાં સલામત પ્રસુતિ થઇ

આર્થિક સશક્તિકરણ

★ગ્રામીણ મહિલાઓના આર્થિક સ્વાવલંબન માટે મિશન મંગલમ યોજના :૨૬ લાખ સભ્ય સંખ્યા ધરાવતા અઢી લાખ સખી મંડળોનો રૂા. ૧૬૦૦ કરોડનો કારોબાર મહિલાઓના હાથમાં સોપાયો.

★સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ૧ લાખ યુવાઓને રોજગારીનો લક્ષ્યાંક : માત્ર એકજ સપ્તાહમાં ૬૫ હજાર યુવાઓને રોજગારી.

સરળ અને સુવિધાપુર્ણ શિક્ષણ

★દસ વર્ષમાં ૧૭૬૨ કોલેજો અને ૪૨ યુનીવર્સીટીઓ ગુજરાતમાં કાર્યરત થતાં વિદ્યાર્થી-વાલીને ઘરઆંગણે ઉત્તમ શિક્ષણ સવલત અને વિશાળ તકો પ્રાપ્ત બની

★છેલ્લા દાયકામાં ૮૦,૭૫૦ નવા વર્ગખંડોનું નિર્માણ,૨૨,૨૦૪ શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને શિક્ષણના સ્તરમાં ગુણાત્મક પગલાંના કારણે શાળા નામાંકનનું પ્રમાણ ૧૦૦ ટકા થયું અને રાજ્યનો વિદ્યાર્થી વિશ્વ સ્તરે કદમ મિલાવતો થયો

સામાજિક સશક્તિકરણ

★ગરીબ કલ્યાણ મેળાઓમાં વચેટીયાની નાબુદી : ૧૦૦૦ ગરીબ કલ્યાણ મેળાઓમાં ૮૫ લાખ ગરીબોને રૂા.૧૩૦૦૦કરોડની હાથોહાથ સહાય

★નર્મદાના નીરનું શ્રેષ્ઠ જળ વ્યવસ્થાપન : તરસ્યા ગામોને પહોચ્યા નીર : ૮૨૦૦ ગામ અને ૧૩૫ શહેરોમાં હવે નર્મદાનું નિયમિત અને શુધ્ધ પીવાનું પાણી : બાકી વિસ્તારોમાં અન્ય યોજના દ્વારા શ્રેષ્ઠ જળ વ્યવસ્થાપન

કૃષિ વિકાસ

★જ્યોતિગ્રામ યોજનાથી કૃષિને મળી ગુણવત્તાયુક્ત ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી -ગ્રામીણ અર્થતંત્ર બન્યું મજબુત

★દાયકા પહેલા કૃષિ વિકાસ દર માઈનસ બે ટકા હતો તે ડબલ ડીજીટમાં એટલે કે ૧૦.૮ ટકાએ પહોચ્યો. કૃષિ ઉત્પાદનની આવક રૂા.૧૪૦૦૦ કરોડથી વધી રૂા.૯૬,૦૦૦ કરોડ થઈ.૪૨ લાખથી વધુ ખેડુતોને સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ

સૌનો સાથ ....સૌનો વિકાસ ....

સોની સોરી અને સીમા આઝાદ

લેખકઃ ચંદુ મહેરીયા

સોની સોરી અને સીમા આઝાદ એ બે નામો નથી પરંતુ સરકારી હિંસાની ચરમસીમાના અને ભારતની ન્યાયતંત્ર સહિતની ખોખલી લોકશાહીનાં જીવંત ઉદાહરણો છે.

સોની સોરી છત્તીસગઢના માઓવાદ પ્રભાવિત દંતેવાડા જિલ્લાના જબેલી ગામના સરકારી પ્રાથમિક શાળાનાં શિક્ષિકા છે. પિતા મદ્રુરામ સોરી ગામના ૧૫ વર્ષ સુધી સરપંચ રહ્યા છે તો કાકા ભારતીય સામ્યવાદી પક્ષના પૂર્વ ધારાસભ્ય છે. સોની સોરીના મોટાભાઈ કોંગ્રેસમાં છે. રાજકીય રીતે જાગ્રત એવા સોરી પરિવારની આ દીકરી શિક્ષણ મેળવે છે અને કુટુંબના વારસાગત રાજકીય સંસ્કાર કરતાં ભિન્ન કાર્ય પસંદ કરે છે. પોતાના આદિવાસી ભાંડરડાઓને સારું શિક્ષણ આપવાના હેતુસર એ ભણીગણીને શહેરમાં જતા રહેવાને બદલે લગ્ન પછી પતિ સાથે ગામમાં જ રહે છે અને શિક્ષણનું કામ કરે છે. ૩૬ વર્ષીય સોની ત્રણ બાળકોનાં માતા છે. પતિ સાથે સુખચેનનું ગૃહસ્થ જીવન જીવતાં સોનીના માથે સરકારી હિંસાના પહાડ તૂટી પડ્યા છે.

છત્તીસગઢના માઓવાદ પ્રભાવિત દંતેવાડા જિલ્લામાં રહેતો પ્રત્યેક આદિવાસી, સરકાર અને પોલીસની નજરમાં નકસલવાદી છે. સોની સોરીએ શિક્ષિકા બનીને માઓવાદી અભિયાન અને સરકારી હિંસા કરતાં જુદો રાહ તો લીધો પરંતુ દંતેવાડામાં રહેનાર માટે જાણે કે બે જ વિકલ્પો છે કાં માઓવાદીઓના પક્ષે રહો, કાં તો તેમના વિરોધી એટલે કે પોલીસના પક્ષે. એ સિવાયનો કોઈ અન્ય માર્ગ ન તો પોલીસને મંજૂર છે, ન તો માઓવાદીઓને.

સોની સોરીના, પત્રકાર તરીકે કાર્યરત ભત્રીજા લિંગારામ કોડોપીને સલવા જુડુમના ભાગ ન બનવા બદલ ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ દંતેવાડાના પાલનાર બજારમાંથી પકડી લેવામાં આવ્યો. આવા જ આરોપસર ધરપકડ થવાના જરે સોનીના પતિ, પત્ની-બાળકોથી દૂર ભાગતા ફરે છે. હવે વારો હતો સોનીનો. પોલીસ પોતાની ધરપકડ કરશે એ ડરથી મીડિયા સમક્ષ પોતાનો પક્ષ રજૂ કરવા દિલ્હી આવેલાં સોની સોરીને ગયા વર્ષની ૪થી ઓક્ટોબરે પોલીસે દિલ્હીમાંથી ગિરફતાર કરી લીધાં. તેમની પર ઉદ્યોગ સમૂહ એસ્સાર ગૃપ અને માઓવાદીઓ વચ્ચેના સંપર્કસૂત્ર હોવાના આરોપ મૂકવામાં આવ્યો. સોની એસ્સાર સમૂહ પાસેથી પૈસા મેળવી માઓવાદીઓને પહોંચાડે છે એવો આરોપ પુરવાર કરવા પોલીસે તેમના પર તમામ પ્રકારના શારીરિક જુલમો ગુજાર્યા અને જેલની કોટડીમાં ધકેલી દીધાં. સોની પરના અમાનવીય જુલમો અને પોલીસ દમન તથા બર્બરતાનો દેશ અને દુનિયામાં ભારે વિરોધ થયો. નોમ ચમ્સ્કી, અરુંધતી રોય, જ્યાં દ્રે જ, અને આનંદ પટવર્ધન સહિતના ૨૫૦ જેટલા અગ્રણી બૌદ્ધિકો-કર્મશીલોએ વડા પ્રધાનને ખુલ્લો પત્ર લખી સોની સોરી પરના અમાનવીય જુલમોનો અંત આણવા, તેની તપાસ કરવા વિનંતી કરી.

ભારતની સર્વોચ્ચ અદાલત સમક્ષ પણ સોની સોરી પ રની યાતનાઓના મુદ્દે ધા નાંખવામાં આવી એટલે સુપ્રીમ કોર્ટે ગઈ તા. ૩જી મે, ૨૦૧૨ના રોજ છત્તીસગઢ સરકારને એક અઠવાડીયામાં સોની સોરી ને દિલ્હીની એઈમ્સમાં દાખલ કરી તેમની તબીબી તપાસ કરવાનો આદેશ કર્યો. સુપ્રીમ કોર્ટનો હુકમ છતાં સોની સોરીને એઈમ્સના સત્તાવાળાઓ અને પોલીસે પરેશાન કર્યાં. એઈમ્સમાં તપાસ પછી સોની સોરી નો જે મેડીકલ રિપોર્ટ આવ્યો તે ચોંકાવનારો હતો. આ તબીબી અહેવાલમાં નોંધવામાં આવ્યું હતું કે સોની સોરીના ગુપ્તાંગમાં પથ્થરો નાખવામાં આવ્યા હતા. ગુપ્તાંગમાંથી કાઢવામાં આવેલા ત્રમ પથ્થરો પણ રિપોર્ટ સાથે અદાલતને મોકલવામાં આવ્યા. જોકે આટલા ગંભીર રિપોર્ટ પછી પણ સુપ્રીમ કોર્ટના માનનીય જજસાહેબોનું દિલ ન પીગળ્યું. તેમણે છત્તીસગઢ સરકારને ખુલાસા માટે ૪૫ દિવસનો સમય આપ્યો અને ત્યાં સુધી સોની સોરીને પણ પોલીસના હવાલે રાખવાનો આદેશ આપ્યો! સોની સોરી આજે પણ ન્યાયની પ્રતીક્ષા કરે છે.

માઓવાદના સમર્થનના નામે પોલીસ વિનાયક સેન અને હિમાંશુકુમારને રંજાડે છે કે જેલના સળિયા પાછળ ધકેલી દે છે તેની તો જાણ દેશ-દુનિયાને થાય છે, પણ બીજા અનેક બનાવો અંધકારની ગર્તામાં ડૂબેલા જ રહે છે. આવો જ એક બનાવ એટલે સીમા આઝાદની કેદનો ચુકાદો છે. અમદાવાદમાં ૨૬ના જૂનના કટોકટી વિરોધ દિવસની સભામાં એ મુદા તરફ કંઈ અધ્યાન અલબત્ત દોરવામાં આવ્યું હતું, પણ આપણાં માધ્યમોએ એકંદરે એના તરફ દુર્લભ કર્યું છે.

ગઈ તા.૮મી જૂન, ૨૦૧૨ના રોજ ઉ.પ્ર.ની અલ્હાબાદની સેશન્સ કોર્ટે માનવ અધિકાર કર્મશીલ, પત્રકાર અને પી.યુ.સી.એલ.ના ઉ.પ્ર.એકમના સંગઠનમંત્રી સીમા આઝાદ અને તેમના પતિ વિશ્વવિજય આઝાદને આજીવન કારાવાસની સજા ફરમાવી છે. સીમા અને વિશ્વવિજય આઝાદ પર દેશદ્રોહ અને દેશ વિરુદ્ધ યુદ્ધ છેડવાનો આરોપ હતો. અદાલતે આઝાદ દંપતિને આજીવન કેદરૂપે ૪૫-૪૫ વર્ષની સજા સાથે દરેકને રૂ ૭૫હજાર, ૭૫ હજારનો દંડ પણ કર્યો છે.

સીમા આઝાદ એક માનવ અધિકાર કર્મશીલ તરીકે ઉ.પ્ર.ના અલ્હાબાદ, વારાણસી અને સોનભદ્રની આસપાસના વિસ્તારોના ગરીબો-શ્રમિકોના માનવ અધિકાર ભંગના બનાવોને ઉજાગર કરે છે. તે ગેરકાયદે ખાણ-ખનિજનું ખોદકામ, કામદારોનું શોષણ, ખેડૂતોની જમીનોનું ગેરકાયદે અધિગ્રહણ જેવા મુદ્દાઓ લઈને સંઘર્ષ કરે છે. સતત સંઘર્ષરત સીમા આઝાદ 'દસ્તક' નામક હિંદી દ્વૈમાસિક પત્રિકા પણ ચલાવે છે ને તેમાં આ બધા પ્રશ્નો ઉઠાવે છે. તેમના પતિ વિશ્વવિજય પણ એક ડાબેરી કાર્યકર તરીકે જાણીતા છે. આઝાદ દંપતી ગંગા એક્સપ્રેસ વેના કારણે જમીન ગુમાવનારા ખેડૂતો, આઝમગઢમાં આતંકવાદના નામે મુસ્લિમોની હેરાનગતિ, મુસહરોનું શોષણ કે પૂર્વાંચલનો રોગચાળો જેવા મુદ્દાઓ ઉઠાવતાં રહે છે અને લોકોને સંગઠિત કરી સંઘર્ષ કરે છે. તેને કારણે સ્થાનિક પોલીસ, વહીવટી તંત્ર અને રાજકારણીઓને તેઓ ખૂંચ્યાં કરે છે.

૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ સીમા આઝાદ અને વિશ્વવિજય આઝાદ દિલ્હીના વર્લ્ડ બુક ફેરમાંથી પરત આવી રહ્યાં હતાં ત્યારે તેમને રસ્તામાંથી જ પકડી લેવામાં આવ્યાં અને માઓવાદી સાહિત્યના નામે તેમની પાસેનાં પત્ર-પત્રિકાઓ-પુસ્તકો દર્શાવી તેમને નકસલવાદી ઠેરવી જેલમાં મોકલી દેવામાં આવ્યાં.

અલ્હાબાદની નીચલી અદાલતે પોલીસ દ્વારા પુરાવારૂપે રજૂ કરેલ માઓવાદી, માર્ક્સવાદી સાહીત્ય, પુસ્તકો, પત્રિકાઓ અને મોબાઈલ કોલ્સને માન્ય રાખી, માઓવાદી આંદોલન સાથે જોડાવાના અને તેમના પ્રત્યે સહાનુભૂતિ રાખવાના તથા દેશદ્રોહના પોલીસના આરોપોને પણ માન્ય રાખી સજા સુણાવી છે.

સીમા અને વિશ્વવિજય આઝાદ સામાજિક, રાજકીય અને માનવ અધિકાર કર્મશીલ તરીકે જાણીતાં છે. વિશ્વવિજય તો ૧૯૯૨માં અલ્હાહાબાદ યુનિવર્સીટીમાં જાણીતા હતા ત્યારથી જ ડાબેરી સંગઠનો સાથે જોડાયેલા હતા. એક રાજકીય કાર્યકર તરીકે તેઓ કામદારો-કિસાનોના અધિકારો માટે લડતા રહે છે, પરંતુ તેટલા માત્રથી તેઓ દેશદ્રોહી બની જતાં નથી.

વિનાયક સેનના મામલામાં સર્વોચ્ચ અદાલતે 'જેમ કોઈ ગાંધીજીની આત્મકથા, સત્યના પ્રયોગો સાથે રાખે કે વાંચે તેટલા માત્રથી તે ગાંધીવાદી નથી તેમ માઓવાદી સાહિત્ય રાખવા કે વાંચવાને કારણે કે તેના પ્રત્યે સહાનુભૂતિ રાખવાને કારણે કોઈ માઓવાદી ઠરી જતા નથી.' એમ સ્પષ્ટ કર્યું હોવા છતાં દેશની એક નીચલી અદાલત તેને ગણકારતી નથી. સીમા આઝાદના વકીલોએ અલ્હાબાદની સેસન્સ અદાલતનું 'વિનાયક સેન જજમેન્ટ' તરફ ધ્યાન દોર્યું તો જજસાહેબે તેને 'અન્ય બાબત' ગણી માન્ય ન રાખ્યું.

પોલીસ ચાહે છત્તીસગઢની હોય કે ઉ.પ્ર.ની અને અદાલત ચાહે અલ્હાહાબાદની હોય કે દિલ્હીની તે જો આ દેશનાં ગરીબ ગુરબાંનો પક્ષ લેનારને દેશદ્રોહી ઠરાવી જેલના સળિયા પાછળ ધકેલી દેશે તો પછી આમ આદમીનો લોકશાહીમાંથી ભરોસો જ ઊઠી જશે. સોની મોરી અને સીમા આઝાદની ગિરફતારી અને સજા ભારતીય લોકતંત્ર માટે ખતરાની ઘંટડી સમાન છે.

(ઈસુએ શીખવેલ પાડોશી પ્રેમનું
જ્વલંત અનુકરણીય ઉદાહરણ-
ફાધર વિલિયમ)

સરકારી નોકરી માટેની જાહેરાતો ચર્ચ,અને એનજીઓ મારફતે ગોવા સરકાર કરાવશે

સરકારી નોકરીઓ માટેની જાહેરાત ચર્ચો અને એનજીઓ મારફતે કરાવવા માટે ગોવા સરકાર સૈધ્ધાંન્તિક રીતે મંજુર થઈ હતી.મુખ્યમંત્રી મનોહર પારીકરે રાજ્યની વિધાનસભામાં આ બાબત જાહેર કરી હતી.અત્યાર સુધીમાં આ પ્રકારની જાહેરાતો ન્યુઝ પેપરોમાં કરવામાં આવતી હતી.

પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયાના જણાવ્યા પ્રમાણે ગોવાના મુખ્યમંત્રીશ્રીએ આ જણાવ્યું હતું કે સરકારી નોકરીઓની જાહેરાત ચર્ચો,મંદિરો અને એનજીઓ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવશે. મુખ્યમંત્રીએ કોગ્રેસ સરકાર દ્વારા ભરવામાં આવેલી વિવિધ જગ્યાઓની નોકરીઓ નાબુદ કરવાનો નિર્ણય લીધો હતો.

વિરોધી એમએલએ એલીક્ષો લોઉરીન્કો રીજીનાલ્ડો અને વિજય સરદેસાઈએ જણાવ્યું હતું કે સરકાર યુવાનોને અન્યાય કરી રહી છે.કે જેઓ વિવિધ નોકરીઓ માટે પસંદ કરવામાં આવ્યા હતા.હાલની સરકારે અનેક જગ્યાઓ એ કારણથી નાબુદ કરી છે કે તેમને એવું લાગે છે આ બધી જગ્યાઓ ગેરકાયદેસર હતી.અને તેમની ભરતી પણ ગેરકાયદેસર હતી.તેમણે ચુંટણીની આચાર સંહિતાનો ભંગ કરીને આ ભરતી કરી હતી.જે આ વર્ષે થઈ હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યુ ંહતું કે કેટલાંક અધિકારીઓએ આ આચારસંહિતાનો ભંગ કર્યો હતો.અને તેમના આ કાર્ય માટે તેમની સામે ગંભીર પ્રશ્ન ઉભો થયો છે.કેટલાક કાગળો આચાર સંહિતા લાગુ કરવામાં આવી તે પહેલાની રાત્રીએ સહી કરવામાં આવ્યા હતા. એન્ટીકરપ્શન બ્યુરો ઓફ ક્રાઈમ બ્રાંચ આ બાબતે તપાસ કરી રહી છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી
ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર,
સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ
આઈટમો તદ્દન વ્યાજબી ભાવે
મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

રૂબિના એપાર્ટમેન્ટ, ડૉ. લોરેન્સ
એવન્યુ પાસે,સિયોન નગર
મણિનગર પૂર્વ , અમદાવાદ - ૮
મો.:૯૮૨૪૩૬૨૪૬૨-
૯૮૨૫૩૬૯૪૨૦

વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ
યાદ રાખશો.**

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

**ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર
બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી,
અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી,
ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**AGNELO FREE MARRIAGE
SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.